# ઓનલાઈન પે રોલ સીસ્ટમ માટેની તા.૦૮/૧૨/૨૦૧૪ના રોજ બોલાવાયેલ મીટીંગની કાર્યવાહી નોંધ:

તા. ૦૮.૧૨.૨૦૧૪ના રોજ પે-રોલ(Payroll) સોફ્ટવેર તાલીમ દરમ્યાન નીચે મુજબના અધિકારી/કર્મચારીઓ બેઠકમાં રહ્યા હતા અને નીચે જણાવેલ મુદ્દા બાબતે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી નિર્ણય લેવામાં આવેલ.

| SR NO | NAME | DEPARTMENT | DESIGNATION | EMAIL | |
|---|---|---|---|---|---|
| 1 | DR.P.P.PATEL | DIRECTOR EXTENSION EDUCATION | DIRECTOR EXTENSION EDUCATION | dee@aau.in | અધ્યક્ષશ્રી |
| 2 | DR. P. R. VAISHANAV | REGISTRAR OFFICE | REGISTRAR | registrar@aau.in | સભ્યશ્રી |
| 3 | DR.D. R. KATHIRIYA | IT CENTER,AAU | DIRECTOR I.T. | dit@aau.in | સભ્ય સચિવ |
| 4 | M. G. VASAVA | COMPTROLLER | COMPTROLLER | compt@aau.in | સભ્યશ્રી |
| 5 | R. H. GONDALIYA | COMPTROLLER | ADM. CUM ACCOUNT OFFICER | aaocompt@aau.in | સભ્યશ્રી |
| 6 | DR. B. J. PATEL | DIRECTOR EXTENSION EDUCATION | TRAINING ASSOCIATE | dee@aau.in | સભ્યશ્રી |
| 7 | DR. S. M. KHANORKAR | MMRS, GODHARA | UNIT HEAD & DDO | smk1955@aau.in | સભ્યશ્રી |
| 8 | DR. T. T. PATEL | RCRS ,VIRAMGAM | DDO & ASSO. RES. SCI. | tikendrapatel@aau.in | સભ્યશ્રી |
| 9 | DR. V. V. SONANI | ARS,AAU,DEROL | DDO | vvsonani@aau.in | સભ્યશ્રી |
| 10 | DR. H. P. PATEL | PRS,AAU,VADODARA | DDO | harish8759@aau.in | સભ્યશ્રી |
| 11 | B. D. PATEL | EEI,ANAND | DDO & ASSIST. EXT. EDU. | ddoeei@aau.in | સભ્યશ્રી |
| 12 | DR. D. B. SISODIYA | AAO,VASO | DDO | dbsisodiya@aau.in | સભ્યશ્રી |
| 13 | R. H. CHOTALIYA | PRS,DABHOI | DDO | rhchotaliya@aau.in | સભ્યશ્રી |
| 14 | DR. K. S. PRAJAPTI | MRRS,NAVAGAM | DDO | drksprajapati@aau.in | સભ્યશ્રી |
| 15 | DR. B. C. PATEL | REGIONAL RESEARCH STATION ANAND | ASSISTANT PROFESSOR | bcpatel@aau.in | સભ્યશ્રી |
| 16 | RAVJIBHAI PARSHOTTAMBHAI KACHA | AGRICULTURAL RESEARCH STATION ( IRRIGATION CROPS) ,THASARA | ASSOCIATE RESEARCH SCIENTIST | rpkacha21@aau.in | સભ્યશ્રી |
| 17 | KIRANSINH RAVJIBHAI VAGHELA | EXECUTIVE ENGINEER OFFICE | SENIOR CLERK | krvaghela1972@aau.in | સભ્યશ્રી |
| 18 | JAYSHRIKRUSHN CHAUDHARI | NARMADA IRRIGATION RESEARCH PROJECT | ASSISTANT RESEARCH SCIENTIST | nirp@aau.in | સભ્યશ્રી |
| 19 | RANCHHODBHAI POPATBHAI THAKOR | CASTOR AND SEED SPICES RESEARCH STATION , SANAND | JUNIOR CLERK | rpthakor@aau.in | સભ્યશ્રી |
| 20 | BHAGVANBHAI HANSRAJBHAI PATEL | CASTOR AND SEED SPICES RESEARCH STATION , SANAND | ASSISTANT RESEARCH SCIENTIST | bhpatel@aau.in | સભ્યશ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | KIRITBHAI RAJPUT | REGIONAL RESEARCH STATION ANAND | SENIOR CLERK | ksrajput@aau.in | સભ્યશ્રી |
| 22 | RONAKBHAI PATEL | REGIONAL RESEARCH STATION ANAND | JUNIOR CLERK | ronakvpatel@aau.in | સભ્યશ્રી |
| 23 | ASHOKBHAI CHAUHAN | REGIONAL RESEARCH STATION ANAND | SENIOR CLERK | aichauhan@aau.in | સભ્યશ્રી |
| 24 | VIJAYKUMAR CHHATRASINH PARMAR | PADDY RESEARCH STATION, DABHOI | JUNIOR CLERK | vcparmar@aau.in | સભ્યશ્રી |
| 25 | CHIRAGKUMAR FULJIBHAI MAKWANA | PADDY RESEARCH STATION, DABHOI | RESEARCH ASSOCIATE | cfmakwana@aau.in | સભ્યશ્રી |
| 26 | GOVIND DAMLE | COLLEGE OF FOOD PROCESSING TECHNOLOGY & BIO ENERGY | SENIOR CLERK | gydamle@aau.in | સભ્યશ્રી |
| 27 | A J DESAI | ICAR UNIT-9 | SENIOR CLERK | -- | સભ્યશ્રી |
| 28 | ILABEN PANDYA | SHETH M.C. COLLEGE OF DAIRY SCIENCE | SENIOR CLERK | irpandya@aau.in | સભ્યશ્રી |
| 29 | SHRI HITENKUMAR JAGDISHBHAI DABHI | B A COLLEGE OF AGRICULTURE, ANAND | JUNIOR CLERK | hiten@aau.in | સભ્યશ્રી |
| 30 | SHRI ISHWARJI SHIVAJI VAGHELA | B A COLLEGE OF AGRICULTURE, ANAND | OFFICE SUPERINTENDENT | isvaghela@aau.in | સભ્યશ્રી |
| 31 | SHRI PRAVINBHAI CHRISTY | MAIN VEGETABLE RESARCH STATION | JUNIOR CLERK | pachristy@aau.in | સભ્યશ્રી |
| 32 | PRATIMA HARISH SALUNKE | AGRICULTURAL RESEARCH STATION, DEROL | SENIOR CLERK | phs@aau.in | સભ્યશ્રી |
| 33 | ASHABEN KIRITKUMAR JANI | PULSE RESEARCH STATION VADODARA | SENIOR CLERK | ashakjani@aau.in | સભ્યશ્રી |
| 34 | KU. PRATIMABEN BABUBHAI SOLANKI | MAIN MAIZE RESEARCH STATION GODHARA | SENIOR CLERK | pbs@aau.in | સભ્યશ્રી |
| 35 | YOGESHBHAI CHHAGANBHAI BANGAL | COLLEGE OF AGRICULTURAL ENGINEERING & TECHNOLOGY | JUNIOR CLERK | ycbangal.caet@aau.in | સભ્યશ્રી |
| 36 | L.K. VASIYA | COLLEGE OF AGRICULTURAL ENGINEERING & TECHNOLOGY | ASSITANT ADMINISTRATOR OFFICER | aao.caet@aau.in | સભ્યશ્રી |
| 37 | M.S.BAROT | COLLEGE OF AGRICULTURAL INFORMATION TECHNOLOGY | SENIOR CLERK | msbarot@aau.in | સભ્યશ્રી |
| 38 | R.K.CHAUDHARI | ICAR | JUNIOR CLERK | -- | સભ્યશ્રી |
| 39 | SURESHCHANDRA MOHANLAL MAKWANA | INTERNATIONAL AGRIBUSINESS MANAGEMENT | SENIOR CLERK | smmakwana@aau.in | સભ્યશ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | INSTITUTE | | | |
| 40 | DAXAKUMARI VAJESHINH PARMAR | INTERNATIONAL AGRIBUSINESS MANAGEMENT INSTITUTE | JUNIOR CLERK | dvparmar@aau.in | સભ્યશ્રી |
| 41 | PRAVINBHAI TRIVEDI | NARMADA IRRIGATION RESEARCH PROJECT | JUNIOR CLERK | pktrivedi68@aau.in | સભ્યશ્રી |
| 42 | SMT. M.U.GARGE | FPT&BE | SENIOR CLERK | -- | સભ્યશ્રી |
| 43 | BHARATBHAI BAMANIYA | TRIBAL RESEARCH CUM TRAINING CENTRE | JUNIOR CLERK | bharatbamaniya@aau.in | સભ્યશ્રી |
| 44 | DILIPBHAI RANA | TRIBAL RESEARCH CUM TRAINING CENTRE | SENIOR CLERK | diliprana@aau.in | સભ્યશ્રી |
| 45 | SH.JAY PATEL | AGRICULTURAL RESEARCH STATION SANSOLI | JUNIOR CLERK | jay_patel@aau.in | સભ્યશ્રી |
| 46 | SH.NILESHKUMAR VEGAD | AGRICULTURAL RESEARCH STATION SANSOLI | ASSISTANT EXTENSION EDUCATIONIST | vegadnilesh2003@aau.in | સભ્યશ્રી |
| 47 | HITENDRASINH MADARSINH PADHERIYA | AGRICULTURAL RESEARCH STATION, ARNEJ | JUNIOR CLERK | hmpadheriya@aau.in | સભ્યશ્રી |
| 48 | YOGESHKUMAR AMBUBHAI LAD | INTERNATIONAL AGRIBUSINESS MANAGEMENT INSTITUTE | ASSISTANT PROFESSOR | yalad@aau.in | સભ્યશ્રી |
| 49 | RAJESH DARJI | COLLEGE OF VETERINARY SCIENCE & ANIMAL HUSBANDRY | SENIOR CLERK | rsdarjee@aau.in | સભ્યશ્રી |
| 50 | BIRIJEHKUMAR YADUVANSHI | POLYTECHNIC IN AGRICULTURE ENGINEERING , DAHOD | ASSISTANT PROFESSOR | birjesh123@aau.in | સભ્યશ્રી |
| 51 | SANJAY KUMAR PATEL | KRUSHI VIGYAN KENDRA DAHOD | SUBJECT MATER SPECIALIST | drskpatel@aau.in | સભ્યશ્રી |
| 52 | GIRISHBHAI GULABBHAI PATEL | KRUSHI VIGYAN KENDRA DEVATAJ | PROGRAM CO.ORDINATOR | girish_agro@aau.in | સભ્યશ્રી |
| 53 | HEMCHANDRA RAMJIBHAI PATEL | BTRS (BIDI TOBACCO RESEARCH STATION) ANAND | RESEARCH SCIENTIST | btrs_1947@aau.in | સભ્યશ્રી |
| 54 | VASANTKUMAR JADAVJIBHAI CHAVADA | CENTRE OF EXCELLENCE IN AGRICULTURAL BIOTECHNOLOGY | SENIOR CLERK | vjchavda@aau.in | સભ્યશ્રી |
| 55 | BHAILAL PARMAR | EXTENSION EDUCATION INSTITUTE | SENIOR CLERK | bsparmar8@aau.in | સભ્યશ્રી |
| 56 | BHAVESHKUMAR SHANABHAI PADHIYAR | CENTRE OF EXCELLENCE IN AGRICULTURAL BIOTECHNOLOGY | LABORATORY TECHNICIAN | bspadhiyar@aau.in | સભ્યશ્રી |
| 57 | VINODBHAI DAHYABHAI VAGHELA | AGRICULTURAL RESEARCH STATION ( IRRIGATION | JUNIOR CLERK | vdvaghela@aau.in | સભ્યશ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | CROPS) ,THASARA | | | |
| 58 | KAILASH AYACHI | EXTENSION EDUCATION INSTITUTE | HEAD CLERK | kdayachi@aau.in | સભ્યશ્રી |
| 59 | KANUBHAI SOLANKI | DIRECTOR OF EXTENSION EDUCATION | HEAD CLERK | solankikanubhai@aau.in | સભ્યશ્રી |
| 60 | VARSINGBHAI AKHAMBHAI CHARPOT | KRUSHI VIGYAN KENDRA DEVATAJ | HEAD CLERK | vacharpot@aau.in | સભ્યશ્રી |
| 61 | NARSING MALIVAD | POLYTECHNIC IN AGRICULTURE ENGINEERING , DAHOD | SENIOR CLERK | nhmalivad2014@aau.in | સભ્યશ્રી |
| 62 | VIKRAMSINH DABHI | HILL MILLET RESEARCH STATION, DAHOD | JUNIOR CLERK | dabhihms_v@aau.in | સભ્યશ્રી |
| 63 | ALPESH RAMANLAL SOLANKI | COMPTOLLER OFFICE | JUNIOR CLERK | alps123@aau.in | સભ્યશ્રી |
| 64 | MANISHBHAI JIVANLAL RANA | BTRS (BIDI TOBACCO RESEARCH STATION) ANAND | SENIOR CLERK | mjr1851975@aay.in | સભ્યશ્રી |
| 65 | RAMNIWAS CHOUDHARY | AGRICULTURAL RESEARCH STATION, DHANDHUKA | ASSISTANT RESEARCH SCIENTIST | rnc@aau.in | સભ્યશ્રી |
| 66 | AMRUTLAL TRIKAMLAL PRAJAPATI | COMPTOLLER OFFICE | OFFICE SUPERINTENDENT | atprajapati@aau.in | સભ્યશ્રી |
| 67 | RAMESHBHAI VECHATBHAI RAVAL | KRUSHI VIGYAN KENDRA DAHOD | HEAD CLERK | rameshbhairaval@aau.in | સભ્યશ્રી |
| 68 | SHAILESHBHAI AMRUTLAL VALAND | COMPTOLLER OFFICE | SENIOR CLERK | sav@aau.in | સભ્યશ્રી |
| 69 | N R SODHAPARMAR | ARS, DHANDHUKA | JRF | -- | સભ્યશ્રી |
| 70 | GHANASHYAMSINH ZALA | AGRICULTURAL RESEARCH STATION, DHANDHUKA | JUNIOR CLERK | grz@aau.in | સભ્યશ્રી |
| 71 | GHANSHYAMBHAI MOHANBHAI SHRAMA | COMPTOLLER OFFICE | SENIOR CLERK | sharmaji@aau.in | સભ્યશ્રી |
| 72 | DR. SUBHASH PATEL | MAIN VEGETABLE RESARCH STATION | RESEARCH SCIENTIST | rsmvrs@aau.in | સભ્યશ્રી |
| 73 | SAMIRBHAI PUROHIT | POLYTECHNIC IN AGRICULTURE, VASO | JUNIOR CLERK | sbp17775@aau.in | સભ્યશ્રી |
| 74 | GIRISHBHAI PATEL | TRIBAL RESEARCH CUM TRAINING CENTRE | ASSOCIATE RESEARCH SCIENTIST | girish_agri2005@aau.in | સભ્યશ્રી |
| 75 | MANSUKHLAL SANKARBHAI JAKASANIYA | KRUSHI VIGYAN KENDRA ARNEJ | PROGRAM CO.ORDINATOR | kvkarnej@aau.in | સભ્યશ્રી |
| 76 | BHUPENDRA KUMAR SHANKARBHAI PANDYA | REGIONAL COTTON RESEACH STATION VIRAMAGAM | JUNIOR CLERK | bhupendrakumar@aau.in | સભ્યશ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 77 | DR. C.J PATEL | RESEARCH ASSOCIATE | AGRICULTURAL RESEARCH STATION ,THASRA | -- | સભ્યશ્રી |
| 78 | UMESH RATHOD | COLLEGE OF AGRICULTURAL INFORMATION TECHNOLOGY | PROGRAMMER | usrathod@aau.in | સભ્યશ્રી |
| 79 | AGJA ALPESH TRIBHOVANDAS | INTERNATIONAL AGRIBUSINESS MANAGEMENT INSTITUTE | PROGRAMMER | atagja@aau.in | સભ્યશ્રી |
| 80 | HITESH R SHAH | SHAUTINATH SOFTWARE | SHAUTINATH SOFTWARE | -- | સભ્યશ્રી |
| 81 | ANURAG JOSHI | RELYON SOFTECH LTD | RELYON SOFTECH LTD | -- | સભ્યશ્રી |

બેઠકના અધ્યક્ષ સ્થાનેથી ડો પી. પી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઓનલાઈન પગાર તથા બીલોની કામગીરી આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા હવે પછી થનાર છે. તે અંગેનું મહત્વ સમજાવ્યું. ડો. પી.આર. વૈષ્ણવ, કુલ સચિવશ્રી અને ડો. ડી. આર. કથીરિયા, નિયામકશ્રી આઈ.ટી. દ્વારા પણ બેઠકનો હેતુ અને તેનાથી થનાર લાભો અંગે સમજણ આપી.

૧. નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે દરેક યુનીટ/સબ યુનીટ (૩૭ યુનિટ) તેમના ડીડીઓશ્રીનું @aau.in ઈમેલ એકાઉન્ટ ખોલાવવું, જે પે-રોલ (Pay roll) સોફ્ટવેરનું યુજર આઈડી તરીકે વાપરી શકાય.

૨. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા પોસ્ટ/ હોદ્દા વાઈઝ કર્મચારી કોડ સેટ કરવા સૂચવવામાં આવ્યું. (દાત. વાઈસ ચાન્સેલર હોય તો ૦૧.) જે નિયત કંપની દ્વારા કરી આપવામાં આવશે.

૩. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા કર્મચારીના નંબર ક્રમ મુજબ આવે તેમ સૂચવવામાં આવ્યું. સદર કંપની દ્વારા જણાવેલ કે સોફ્ટવેરની અમલવારી કરતી વખતે હિસાબ નિયામકશ્રી દ્વારા સોફ્વેરમાં જે ક્રમમાં કર્મચારીની માહિતી આપવામાં આવી હતી તે મુજબ થયેલ હોઈ હાલ ના તબ્બકે સુધારો શક્ય નથી તેવું જણાવવામાં આવેલ.

૪. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા કર્મચારીના પોસ્ટ કોડ યુનિવર્સીટી લેવલે સેટ કરવાના રહેશે તેવું ઠરાવવામાં આવ્યું.

૫. પ્રથમ પ્રેજેન્ટેશન વખતે (ખરીદ કર્યા પહેલાં) કુલસચિવશ્રી દ્વારા ચાર્જ પત્રક સદર સોફ્ટવેરમાંથી નીકળે તેવું સુચન થયેલ હતું. પરંતુ હિસાબ નિયામકશ્રી દ્વારા જરૂરી પગલાં/સુધારા લેવા માટે સદર કંપનીને જણાવવામાં ન આવેલ હોવાથી હાલના તબક્કે કંપનીના જણાવ્યા પ્રમાણે જો ચાર્જપત્રક બનાવવું હોય તો તેના માટે યુનિવર્સીટીએ વધારાનું ચુકવણું કરવાનું રહેશે.

૬. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા તારીખ મુજબ ઇન્ક્રીમેન્ટ (પે સ્કેલ) યોગ્ય રીતે આવે છે તે જોવા માટે સુચન કર્યું. જે હાલ સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે. તેવું સીસ્ટમ ડેવલપર દ્વારા જણાવવામાં આવ્યું.

૭. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા એડવાન્સ પીએફ નંબર, વાઉચર નંબર અને ઇન્સ્ટોલમેંટ નંબર પે સ્લીપ માં નથી આવતા તે અંગે સૂચવવામાં આવ્યું. કંપની દ્વારા જણાવેલ કે એડવાન્સ પીએફ નંબર અને ઇન્સ્ટોલમેંટ નંબર રીમાર્કસ હેઠળ લખી શકાય છે. વાઉચર નંબર દર્શાવવાની જરૂરિયાત રહેતી નથી.

૮. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા યુનિટ વાઈઝ જીપીએફ/સીપીએફ શીડ્યુલ અલગ થી આવવું જોઈએ. જે હાલ સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે. તેવું સીસ્ટમ ડેવલપર દ્વારા જણાવવામાં આવ્યું.

૯. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા નિવૃત્તિની તારીખ પ્રમાણે પગાર બને છે કે કેમ તે અંગે પ્રશ્ન કરવામાં આવેલ. જે બાબતે સીસ્ટમ ડેવલપર દ્વારા સદરૂં બાબત સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે તેવું જણાવ્યું.

૧૦. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા લાસ્ટ પે સર્ટિ (એલ.પી.સી) માટે ચર્ચા કરવામાં આવી. ચર્ચાના અંતે કંપની દ્વારા જણાવેલ કે સોફ્ટવેરમાંથી છેલ્લા ૧૨ મહિના સુધીના પગારની વિગતો રીપોર્ટ ના રૂપે મેળવી શકાય છે.

૧૧. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા પુછવામાં આવેલ કે, જો કોઈ કર્મચારીને અમુક સમય પહેલાની અસર થી બદલી કરવામાં આવે તો શું કરવું? કારણકે સોફ્ટવરમાં દરેક મહિનાના અંતમાં મહિનો લોક કરી દેવામાં આવતો હોય છે. આ કર્મચારીનો પાછલા મહિના નો પગાર જુની કચેરી ખાતે આકારી દેવામાં આવેલો હોય છે. શક્ય બને ત્યાં સુધી આ પ્રકારની પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તેનું ધ્યાન રાખવું. અનિવાર્ય સંજોગોમાં આ પ્રકારના ફેરફાર મેન્યુઅલી કરવાના રહેશે.

૧૨. દરેક યુનીટ/સબ યુનીટ (૩૭ યુનિટ) તેમના ડીડીઓશ્રી અને પગાર ટેબલ સંભાળતા ક્લાર્ક દ્વારા ચાલુ મહિનો એટલે કે ડીસેમ્બર-૨૦૧૪ ની પગારની એન્ટ્રી આઈ.ટી. લેબ (યુનિવર્સીટી ભવન) માં કરાવવાની રહેશે. જેની તારીખનું શીડ્યુલ ટુંક સમયમાં જણાવવામાં આવશે. આ તારીખોમાં કેવી રીતે સોફ્ટવેર કોમ્પ્યુટરમાં કાર્યરત કરવું, પગાર આકારવો વગેરે ડીડીઓશ્રી અને પગાર ટેબલ સંભાળતા ક્લાર્ક એ શીખી લેવાનું રહેશે. અને તે મુજબ જાન્યુઆરી ૨૦૧૫થી આ સોફ્ટવેરનો ઉપયોગ જે તે યુનિટ/કોલેજ/સબ સેન્ટર (૩૭ યુનિટ) ખાતેથી કરવાનો રહેશે.

૧૩. સરકારશ્રી દ્વારા વખતોવખત કરવામાં આવતા સુધારાઓ જેવાકે હોદ્દા ને લગતા, પગારધોરણ, ઈન્ક્રીમેન્ટ, મોંઘવારી ભથ્થા વિગેરે પગારને સંબધિત તમામ સુધારા વધારા હિસાબ નિયામકશ્રી ઓફીસે તેમના લોગીનમાંથી કરવાના રહેશે, તે સમયે જો કોઈ ટેકનીકલ જ્ઞાનની જરૂર પડશે તો તે આઈ.ટી. સેન્ટર મારફત લેવાનું રહેશે.

૧૪. સદરઉં ટ્રેનીંગ દરમ્યાન ડીડીઓશ્રી, વડોદરા દ્વારા સૂચવવામાં આવેલ કે, પે રોલ ને લગતી કામગીરી કેન્દ્રીય ધોરણેથી એક જ  જગ્યાએ થવી જોઈએ. તેમાં નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે આ પે-રોલ સોફ્ટવેર કેન્દ્રીય ધોરણેથી જ કામ કરશે. અને અત્યાર સુધી જે તમામ યુનિટ/સબ યુનિટ દ્વારા દર મહિને યુનિવર્સીટી ખાતે પે રોલ ની કામગીરી માટે આવવાનું રહેતું હતું. તે આ સોફ્ટવેરની અમલવારી થતાં વડી કચેરી ખાતે આવવાનું રહેશે નહિ. જે તે યુનિટ/સબ યુનિટ ખાતે થી પગારની એન્ટ્રી તેમજ સુધારા વધારા કરી શકાશે.

૧૫. હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા ટીડીએસ(ઇન્કમટેક્ષ) અંગે ની કામગીરી આ સોફ્ટવેર દ્વારા થઇ શકે કે કેમ? તેમ પુછતા, સદર સોફ્ટવેર કંપની દ્વારા જણાવેલ કે આ ટીડીએસ (ઇન્કમટેક્ષ) અંગેની કામગીરી સોફ્વેરમાં ઉપલબ્ધ છે. ઉપરાંત નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે યુનિવર્સીટીમાં ટીડીએસ (ઇન્કમટેક્ષ) અંગે ની કામગીરી અર્થે અલગ સોફ્ટવેર વસાવેલ હોય, સદરહું સોફ્ટવેર દ્વારા જ કામગીરી ચાલુ રાખવી હિતાવહ રહેશે.

૧૬. નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે પે રોલ સોફ્ટવેરનું સર્વર આઈટી સેન્ટર ખાતે રહેશે. તેમજ તેનું નિયમિત બેકઅપ લેવાની જવાબદારી આઈ.ટી. સેન્ટર સંભાળશે.

૧૭. નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે પે રોલ સોફ્ટવેર ચલાવવા માટેની માહિતી પુસ્તિકા પુરી પાડવામાં આવશે. તેમ છતાં પે રોલ સોફ્ટવેરમાં ઉપસ્થિત થતા ટેકનીકલ પ્રશ્નો/મૂંઝવણો માટે આઈ.ટી. સેન્ટર દ્વારા માર્ગદર્શન પુરૂં પાડવામાં આપશે.

૧૮. નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જણાવેલ કે સોફ્ટવેરમાં યુનિટ કક્ષાએ થી કરવામાં આવતી એન્ટ્રી સર્વર માં સ્ટોર થાય છે. પરંતુ કર્મચારીના ફોટોગ્રાફ્સ, જરૂરી સર્વિસ મેટરના કાગળો અટેચમેંટ કરતી વખતે તે માહિતી જે તે યુનિટ કક્ષાએ સ્ટોર થાય છે સર્વરમાં નહિ. વધુમાં કુલ ૩૭ યુનિટ દ્વારા વપરાશ થયેલ સોફ્ટવેરનો લોગીન હિસ્ટ્રી મેન્ટેન થતી નથી. જે કરવા સદર કંપનીને જણાવેલ છે અને કંપની દ્વારા સદરહું ફેરફાર કરવા સંમતિ આપેલ છે.

હિસાબ નિયામકશ્રીની કચેરી દ્વારા આઈ.ટી. સેંટર ને તા. ૦૧/૦૭/૨૦૧૪ના પત્ર દ્વારા સદર સોફ્ટવેર નું ઈંસ્ટોલેશન તેમજ તાલીમ થઇ ગયેલ છે. અને સદર સોફ્ટવેર કાર્યરત છે. તેવું પ્રમાણપત્ર આપવામાં આવેલ હતુ જેના આધારે સદર કંપનીને તમામ રકમનું ચુકવણું કરવામાં આવેલ હતું. તેમ છતાં ઉપરોક્ત ટ્રેનીંગ દરમ્યાન ઉઠાવેલ તમામ મુદ્દાઓ માંથી સૌથી વધુ મુદ્દાઓ હિસાબ નિયામકશ્રીની કચેરીના કર્મચારી/ઓ દ્વારા ઉઠાવેલ હોય, પરંતુ સોફ્ટવેર ટ્રેનીંગમાં સોફ્ટવેર બની ગયા બાદ આ મુજબના ફેરફારો હાલમાં તાત્કાલિક થઇ શકે તેમ નથી. જયારે સોફ્ટવેર બનતું હતું ત્યારે હિસાબ નિયામકશ્રીની કચેરી દ્વારા આ તમામ મુદ્દાઓ સૂચવેલ નથી અને જરૂરી સીસ્ટમ રીક્વાયરમેંટ સ્પેસીફીકેશન (એસ.આર.એસ.) સદરહું કંપની ને આપેલ ન હતું. સદરહું મુદ્દાઓ ને લગતા ઘણા ખરા સુધારા વધારા, જરૂરી પત્રક/ રીપોર્ટને લગતા હોય તે પછી થી કરવામાં આવે તો પણ પગારબીલની કામગીરીને અસર પડતી નથી.

સમગ્ર ચર્ચાને અંતે સર્વે ઉપસ્થિત રહેલ અધિકારીઓ/કર્મચારીઓના મંતવ્ય અનુસાર સદરહું સોફ્ટવેર દ્વારા ચાલુ માસથી તમામ યુનીટના પગારબીલ તૈયાર કરવામાં કોઈ હરકત સરખું નથી. વધુમાં ચાલુ માસ માટે હાલની પધ્ધતિ મુજબનું પગારબીલ પણ તૈયાર કરવું જેથી બન્ને પધ્ધતિથી તૈયાર કરેલ પગારબીલ તેમજ પત્રકોની સરખામણી કરી શકાય અને જો કોઈ ફેરફાર જણાતો ન હોય તો માસ જાન્યુઆરી ૨૦૧૫થી સંપૂર્ણપણે નવા સોફ્ટવેરનો ઉપયોગ કરવો તેવું નક્કી કરવામાં આવ્યું.

ઉપરોક્ત મુસદ્દો માન. અધ્યક્ષશ્રીએ મંજુર કરેલ છે.

**-સહિ-**

**નિયામક,**

**ઇન્ફોર્મેશન ટેકનોલોજી**

**આણંદ કૃષિ યુનિવર્સીટી**

**AAU/ITC/Website/ 267-70 /2014** **Date: 16-12-2014**

<u>**નકલ સવિનય રવાના :**</u>

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

(૨) યુનિવર્સીટીના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ.

(૩) સર્વે વિભાગીય વડાશ્રી/ યુનિટ અધિકારીશ્રીઓ/સબ યુનિટ અધિકારીશ્રી તરફ જાણ સારૂ.

(૪) યુનિવર્સીટીના તમામ ડી.ડી.ઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.